# પીસ ઓફ માઈન્ડ : ન્યૂઝલેટર

Peace of Mind

જૂન 2026

બ્રહ્માકુમારીઝ રાજકોટ દ્વારા આયોજિત વિશેષ કાર્યક્રમ

# ભવ્ય સંત સંમેલન અને આધ્યાત્મિક સત્સંગ: સમણ શ્રુતપ્રજ્ઞજીનું પ્રેરણાદાયી પ્રવચન

**સ્થળ:** હેપી વિલેજ, બ્રહ્માકુમારીઝ, રાજકોટ

**તારીખ:** ૬ જૂન, ૨૦૨૬ (શનિવાર)

**આયોજન:** બ્રહ્માકુમારીઝ, રાજકોટ

## મંચસ્થ મહાનુભાવો અને દિવ્ય સાર્નિધ્ય:

**પરમ સાનિધ્ય :** રાજયોગીની બ્રહ્માકુમારી ભારતી દીદી

**મુખ્ય વક્તા :** રાજયોગીની બ્રહ્માકુમારી વીણા દીદી

**વિશેષ આમંત્રિત વક્તા :** પરમ પૂજ્ય સમણ શ્રુતપ્રજ્ઞજી (અધ્યાત્મ ગુરૂ)

**વિશેષ ઉપસ્થિતિ :** મહામંડલેશ્વર આશુતોષ મહારાજ (શ્રી અયોધ્યા ધામ) તથા અન્ય પૂજનીય સંતગણ.




૬ જૂન ૨૦૨૬ન રોજ રાજકોટ ખાતે આયોજિત દિવ્ય સાધુ સંત સંમેલન દરમિયાન મંચ પર બિરાજમાન સમણ શ્રુતપ્રજ્ઞજી, મહામંડલેશ્વર આશુતોષ મહારાજ તથા બ્રહ્માકુમારીઝના અગ્રણી દીદીઓ.

## મુખ્ય આકર્ષણ : આધ્યાત્મિક મિલન

રાજકોટના આંગણે બ્રહ્માકુમારીઝ સંસ્થા દ્વારા એક ઐતિહાસિક સંત સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વર્તમાન સમયમાં આધ્યાત્મિક મૂલ્યોએ પુનઃજીવિત કરવાનો તથા સમાજમાં શાંતિ, સદ્દભાવના અને ભારતીય સંસ્કૃતિના જતન માટે જાગૃતિ લાવવાનો હતો.

કાર્યક્રમમાં વિવિધ પરંપરાના સંતો, મહાત્માઓ, આધ્યાત્મિક આગેવાનો તથા બ્રહ્માકુમારીઝ પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. મંચ પરથી તમામ સંતોએ એકસૂરે સમાજમાં શાંતિ, સદ્દભાવના, માનવ એકતા અને ભારતીય સંસ્કૃતિના જતન માટે હાકલ કરી હતી.

આધ્યાત્મિકતા અને સંસ્કૃતિ વચ્ચેનો ગાઢ સંબંધ સમજાવતા વક્તાઓએ જણાવ્યું કે આધુનિક યુગમાં પણ માનવીના જીવનમાં મૂલ્યોનું મહત્વ અવિચલ છે.



કાર્યક્રમ દરમિયાન સંતો અને મહાનુભાવોનું હાર્દિક સ્વાગત.

# પીસ ઓફ માઈન્ડ : ન્યૂઝલેટર

Peace of Mind

જુન 2026

# આધ્યાત્મિકતા દ્વારા સનાતન સંસ્કૃતિનું સંરક્ષણ




બ્રહ્માકુમારીઝના વ્યાસપીઠ પરથી સનાતન સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાના સમન્વય પર ગહન પ્રવચન આપતા પૂજ્ય સમણ શ્રુતપ્રશજી.

કાર્યક્રમના વિશેષ આમંત્રિત વક્તા સમણ શ્રુતપ્રઠસજીએ શ્રોતાઓને સંબોધિત કરતા જણાવ્યું હતું કે:

> "આજે આપણે જે વિષય પર વિચારવિમર્શ કરવા માટે એકત્રિત થયા છીએ, તે માત્ર એક ચર્ચાનો વિષય નથી, પરંતુ સમયની એક મહત્વપૂર્ણ માંગ છે — 'આધ્યાત્મિકતા દ્વારા સનાતન સંસ્કૃતિનું સંરક્ષણ.'"

## શ્રુતપ્રશલજીના પ્રવચનના મુખ્ય અંશો:

### સનાતનનો સાચો અર્થ:

'સનાતન' એટલે જે અનાદિ છે, શાશ્વત છે અને કાળની સીમાઓથી પર છે. તે કોઈ એક જાતિ કે પ્રદેશ પુરતો મર્યાદિત નથી, પરંતુ તેનો આધાર સત્ય, અહિંસા, કરૂણા, આત્મજ્ઞાન અને સહિષ્ણુતા છે. સનાતન તો સદા કાળ સુરસિત છે. સંસ્કૃતિનું સંરક્ષણ કરવાનું છે.

### સંસ્કૃતિનું રક્ષણ કઈ રીતે?:

સનાતન સંસ્કૃતિનું સંરક્ષણ માત્ર મંદિરો, શાસ્ત્રો કે પરંપરાઓને જાળવી રાખવાનું નામ નથી. જ્યારે મનુષ્યના હૃદયમાં ધર્મ, કરૂણા, સત્ય, સંયમ અને આત્મજાગુતિ જીવંત રહે છે, ત્યારે જ તેનું સાચું સંરક્ષણ થાય છે.

### વૈશ્વિક સંદેશ:

આપણી સંસ્કૃતિ "સર્વે ભવન્તુ સુખિનઃ" અને "આત્મવત્ સર્વભૂતેષુ" (વસુધૈવ કુટુંબકમ્) ની ભાવના શીખવે છે.

## વર્તમાન સંકટ અને સમાધાન:

આજે ટેકનોલોજી અને સુવિધાઓ વધી છે, પરંતુ મનુષ્યનું આંતરિક સંતુલન ઘટ્યું છે. પરિવારોમાં વિખવાદ, ક્ષીણ થતાં સંસ્કારો અને ભોગવાદી વૃત્તિને કારણે યુવાનો પોતાના મૂળથી દૂર થઈ રહ્યા છે. સમસ્યા આધુનિકતાની નથી, સમસ્યા એ છે કે આધ્યાત્મિકતા પાછળ રહી ગઈ છે.

ભારતની સંસ્કૃતિને રાજાઓએ જેટલી ટકાવી, તેનાથી અનેકગણી વધુ સંતોએ ટકાવી છે, સમાજ જ્યારે-જ્યારે દિશાવિહીન બન્યો છે, ત્યારે-ત્યારે સંતોએ માર્ગદર્શન આપ્યું છે.

# પીસ ઓફ માઈન્ડ : ન્યૂઝલેટર

જુન 2026

Peace of Mind




બ્રહ્માકુમારીઝના ભાઈ-બહેનો દ્વારા પૂજ્ય સમણશ્રુતપ્રજ્ઞજીને આધ્યાત્મિક સાહિત્ય અર્પણ કરી સ્મૃતિચિહ્ન રૂપે સન્માનિત કરવામાં આવ્યા તે ક્ષણ.



દિવ્ય સંત સંમેલનની શરૂઆતમાં દીપ પ્રજ્વલન કરીને આધ્યાત્મિક પ્રકાશ દ્વારા સનાતન સંસ્કૃતિના ચિરંજીવ સંદેશનો પ્રારંભ.

## સંતોની અમૂલ્ય ભૂમિકા:

- આદિ શંકરાચાર્યે આધ્યાત્મિક એકતાનો સંદેશ આપ્યો.
- રામાનુજાચાર્યે ભક્તિનો મહિમા સમજાવ્યો.
- કબીરે સત્યનો અવાજ ઉઠાવ્યો.
- ગુરુ નાનકેએ માનવતાનો સંદેશ આપ્યો.
- સ્વામી વિવેકાનંદે વિશ્વ સમક્ષ ભારતની આધ્યાત્મિક શક્તિનું ગૌરવ પ્રસ્થાપિત કર્યું.

સંતો માત્ર પ્રવચનકાર નથી; તેઓ સમાજની ચેતનાના જાગૃત પ્રહરી છે.

## સંસ્કૃતિની રક્ષા માટે સમણ શ્રુતપ્રજ્ઞજીએ પંચસૂત્રી કાર્યક્રમ આપ્યો:

1. પ્રતિદિન 20 મિનિટ ઈશ્વર અનુસંધાન કરવામાં આવે.
2. દરેક વ્યક્તિની અંદર સેવા ભાવના વિકસિત થાય.
3. રાજસત્તાની ઉપર ધર્મસત્તા રહેવી જોઈએ.
4. યુવા પેઢીને સંસ્કૃતિનો અમૂલ્ય વારસો પ્રદાન કરવો જોઈએ.
5. માનવીય એકતા અને સદ્ભાવ દઢ થવો જોઈએ.

આજે જ્યારે સમાજને આધ્યાત્મિક દિશા અને આંતરિક જાગૃતિની વિશેષ જરૂરિયાત છે, ત્યારે બ્રહ્માકુમારી રાજકોટ દ્વારા આયોજિત આ દિવ્ય સંત સંમેલન માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ સંસ્કૃતિ, સંસ્કાર અને આધ્યાત્મિક ચેતનાના પુનર્જાગરણનું એક પવિત્ર અભિયાન છે.
આ સુંદર આયોજન બદલ સંસ્થાને હૃદયપૂર્વક અભિનંદન અને સાધુવાદ.

સમણ શ્રુતપ્રજ્ઞજીએ કિંજલ દીદીને અને કશ્યપભાઈને પીસ ઓફ માઈન્ડ નું સાહિત્ય અર્પણ કર્યું.

# શબ્દોનું સર્જન અને સંવાદની સાધના:
# પુરુષાર્થ સ્કૂલમાં ત્રિ-દિવસીય શિબિર સંપન્ન

**ભાણવડ | ૪ થી ૬ જૂન, ૨૦૨૬**



**પુરુષાર્થ સ્કૂલના સ્ટાફને પ્રશિક્ષણ આપતાં સમણ શ્રી**

## પૂર્વ ભૂમિકા

- **સ્થળ :** પુરુષાર્થ સ્કૂલ, ભાણવડ
- **તારીખ :** ૪ થી ૬ જૂન, ૨૦૨૬
- **શિબિરાર્થીઓ :** ૧૦૦ (શિક્ષકો અને વિદ્યાર્થીઓ)
- **શિબિરનું નામ :** સંવાદ સાધના શિબિર
- **માર્ગદર્શન :** પૂજ્ય સમણ શ્રુતપ્રશજીજી
- **સંવાદના ચાર પાયા :** શબ્દો, બોડી લેંગ્વેજ, ટોન અને હાવભાવ
- **મુખ્ય સિદ્ધાંત :** આપણે વાતચીતમાં શબ્દોનો પ્રભાવ માત્ર ૧૦% જ હોય છે, જ્યારે ૯૦% પ્રભાવ બોડી લેંગ્વેજ, અવાજનો ટોન અને ચહેરાના હાવભાવ પર નિર્ભર કરે છે.

## શિબિરના મુખ્ય મુદ્દાઓ અને શીખ

1. સક્રિય શ્રોતા બનવું (Active Listener)
2. સ્પષ્ટ અને સંક્ષિપ્ત સંવાદ (TIP)
3. બોલવાનો ટોન
4. યોગ્ય બોડી લેંગ્વેજ
5. યોગ્ય વિરામ
6. યોગ્ય સ્મિત
7. સંવાદમાં શબ્દોનું મૂલ્ય
8. વાણીનો વિવેક
9. હૃદયસ્પર્શી પ્રશંસા (Unique Compliments)
10. Common Platform
11. અર્થપૂર્ણ વ્યક્તિગત પ્રશ્નો
12. ઈમોશન પર કાબૂ
13. પુનરાવર્તન ટાળવું
14. અજાણ્યા વ્યક્તિ સાથે સંવાદ
15. વ્યક્તિત્વ વિકાસ
16. વાણીમાં મૌનનું મૂલ્ય
17. પહેરવેશ પણ બોલે છે
18. નિખાલસતા કે વિવેક?
19. અજાણ્યા સાથે મીઠા રહેવું અને ઘરમાં ખારા થવું : કારણ?



**શિબિરમાં સમણશ્રીનું વક્તવ્ય સાંભળતા શિક્ષકો અને વિદ્યાર્થીઓ**

# સંવાદ સાધના શિબિર : અહેવાલ

## પુરુષાર્થ સ્કૂલ, ભાણવડ



પુરુષાર્થ સ્કૂલના સ્ટાફ અને વિદ્યાર્થીઓ પ્રવૃત્તિ કરતા નજરે પડે છે.

### સમણ શ્રુતપ્રજ્ઞજીનું વક્તવ્ય

સંવાદ એ કોઈ જન્મજાત જાદુ નથી, પણ સતત અભ્યાસથી શીખી શકાય તેવી કળા છે. સાચો સંવાદ બોલવા, સાંભળવા, સમજવા અને સમજાવવા જેવા ચાર પાયા પર ટકેલો છે. એમણે કહ્યું કે અયોગ્ય સંવાદના કારણે કોર્પોરેટ કંપનીઓ કરોડોનું નુકસાન કરે છે. સમ્યક સંવાદથી આત્મવિશ્વાસ વધે છે, સંબંધો મધુર બને છે અને પોતાના વ્યક્તિત્વને ખીલવી શકાય છે.

### પ્રવૃત્તિઓ અને સમાપન



Kintsugi : જાપાની કળા



Think out of the box

- બપોરના સત્રોમાં શિબિરાર્થીઓને સર્જનાત્મક વિચારધારા તરફ વાળવા જાપાનીજ આર્ટ 'કિન્તસુગી' અને 'થિંક આઉટ ઓફ ધ બોક્સ' જેવી રસપ્રદ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી.
- લીનાબેન અને ચિંતનભાઈ ત્રિવેદી દ્વારા સ્વાસ્થ્ય માટે વિશેષ યોગ અને પ્રાણાયામનું પ્રશિક્ષણ અપાયું હતું.
- સંસ્થાના નિયામક **ભીમસીભાઈ**એ આ શિબિરની શીખને શાળાના નિયમો સાથે વણીને જીવનમાં દ્રઢતાથી ઉતારવાની પ્રેરણા આપી હતી.
- શિબિરોમાં આપેલા પ્રવચનોના આધારે એક સુંદર પુસ્તક - "સંવાદ શિક્ષણ" પ્રકાશિત કરવાનો નિર્ણય લેમાં આવ્યો હતો.
- અંતમાં શિબિરાર્થીઓએ ઉત્સાહપૂર્વક પોતાના હકારાત્મક પ્રતિભાવો આપ્યા હતા અને સમગ્ર શિબિરનું કુશળ સંચાલન **સાગરભાઈ અને દક્ષાબેન** દ્વારા કરવામાં આવ્યું હતું.



સમણ શ્રુતપ્રજ્ઞજી શિબિરાર્થીઓ સમક્ષ વક્તવ્ય આપી રહ્યા છે.

# સંવાદ સાધના શિબિર : પ્રતિભાવો

*શિબિરાર્થીઓના શબ્દોમાં સંવાદની સફર*



"'સંવાદ સાધના' શિબિર મારા માટે આત્મખોજની સફર બની રહી. અહીં મને સમજાયું કે સંવાદ એ માત્ર શબ્દોનું આદાન-પ્રદાન નહીં, પરંતુ આત્મીય જોડાણ છે. અન્યોની નકારાત્મકતાનો કેદી બનવાનું બદલે પોતાના આંતરિક મૂલ્યોની માલિક બની મક્કમતાથી કાર્ય કરવાનો આત્મવિશ્વાસ અને પરિપક્વતા મને આ શિબિરે આપી છે.

**નીતાબેન ચેતરિયા**



"'સંવાદ સાધના' શિબિર મારા માટે અત્યંત જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયક રહી. અહીં શીખવા મળેલી બાબતોમાં 'સારા શ્રોતા બનવું' એ મુદ્દો મને સૌથી વધુ સ્પર્શી ગયો. અગાઉ ઓફિસમાં વાત કરતી વખતે જે ગભરાહટ અનુભવાતી હતી, તે હવે ઘણી ઓછી થઈ છે. આ શિબિરે મને વધુ સ્પષ્ટતા, મક્કમતા અને આત્મવિશ્વાસ સાથે રજૂઆત કરવાની પ્રેરણા આપી છે.

**ગૂંસાઈ ફોરમબેન**



"આ શિબિરમાં તપોવનના વિદ્યાર્થીઓ અને પુરુષાર્થના શિક્ષકો સહભાગી બન્યા, જ્યાં શિક્ષક શ્રોતા અને વિદ્યાર્થી વક્તા બને તેવું અનોખું વાતાવરણ મળ્યું. મને પણ વિષય રજૂ કરવાનો અદ્ભુત અવસર મળ્યો, જે મારા માટે આત્મવિશ્વાસ અને જવાબદારીની અવિસ્મરણીય પળ બની રહ્યો. રજૂઆતની ખામીઓ અને સુધારાની સ્પષ્ટ સમજ આ શિબિરની અમૂલ્ય ભેટ છે.

**પાર્થવી કાલરિયા** (તપોવન છાત્રા)



"'સંવાદ સાધના' શિબિર મારા માટે અદ્ભુત જીવન-ભાથું પૂરું પાડનારો અનુભાવ બની રહી. પ્રભાવશાળી વક્તૃત્વ અને અસરકારક અભિવ્યક્તિના અનેક પાસાં સમજવા મળ્યા. 'ડિજિટલ યુગમાં શિક્ષણનું મહત્વ' વિષય પર મારા વિચારો રજૂ કરવાની તક મળી. સમાણજી દ્વારા સમજાવાયેલા સંવાદ સૂત્રોએ વાણી, શ્રવણ અને અભિવ્યક્તિની કળાને વધુ ઊંડાણથી સમજવાની નવી દ્રષ્ટિ આપી.

**સોનલબેન ગોજીયા**



"આ શિબિરમાંથી મને સમજાયું કે અસરકારક સંવાદ માટે માત્ર બોલવું જ પૂરતું નથી; સારા શ્રોતા બનવું, યોગ્ય શબ્દો પસંદ કરવું અને સામેની વ્યક્તિની લાગણીનો આદર કરવો પણ એટલો જ જરૂરી છે. ખાસ કરીને 'તૂટેલી વસ્તુમાંથી નવી રચના' પ્રવૃત્તિએ મને ખૂબ સ્પર્શી. તેણે શીખવ્યું કે યોગ્ય દ્રષ્ટિકોણ, ધીરજ અને પ્રયત્ન હોય તો તૂટેલી વસ્તુમાંથી નવી રચના અને તૂટેલા સંબંધોમાંથી નવી શરૂઆત પણ શક્ય બને છે.

**મનસ્વી પીપરોતર**

"સંવાદ માત્ર બોલવાની કળા નથી, પરંતુ જીવનને વધુ અર્થપૂર્ણ બનાવવાની સાધના છે."




## Saman Shrutpragyaji's

# Singapore & USA Spiritual Tour 2026

Spiritual Mentor | Author | Speaker

## TOUR SCHEDULE 2026

| Sr. | City | From Date | To Date | Contact Person | Contact Number |
|---|---|---|---|---|---|
| 1 | Singapore | 30 Jun | 2 Jul | Aarti Paresh Kamani | +65 9101 2221 |
| 2 | San Jose, CA | 4 Jul | 6 Jul | Dr. Payal Hindocha | +1 408 393 9966 |
| 3 | Milpitas, CA | 7 Jul | 8 Jul | Haresh & Minakshi Shah | +1 408 302 7394 |
| 4 | Los Angeles, CA | 10 Jul | 13 Jul | Snehal Shah | +1 909 962 1700 |
| 5 | Phoenix, AZ | 15 Jul | 17 Jul | Rupal Sanghvi | +1 602 321 4613 |
| 6 | Dallas, TX | 18 Jul | 20 Jul | Nehal Shah | +1 972 672 1234 |
| 7 | Chicago, IL | 22 Jul | 24 Jul | Bhakti R. Shah | +1 630 400 6308 |
| 8 | Detroit, MI | 25 Jul | 26 Jul | Hitesh Sanghvi | +1 248 390 9977 |
| 9 | Toronto, Canada | 28 Jul | 29 Jul | Kaushik Dugar | +1 416 832 9832 |
| 10 | New Jersey, NJ | 31 Jul | 2 Aug | Lataben Babulal Doshi | +1 732 690 7559 |
| 11 | New York, NY | 3 Aug | 5 Aug | Harshad V. Doshi | +1 914 469 2401 |
| 12 | Boston, MA | 7 Aug | 8 Aug | Shefali Shah | +1 781 862 7071 |
| 13 | Atlanta, GA | 10 Aug | 11 Aug | Nilesh Jain | +1 770 912 4912 |
| 14 | Houston, TX | 13 Aug | 14 Aug | Jignesh Mehta | +1 281 300 1985 |
| 15 | Seattle, WA | 16 Aug | 17 Aug | Manan Shah | +1 425 772 7897 |
| 16 | San Francisco, CA | 19 Aug | 20 Aug | Dr. Geeta Trivedi | +1 650 291 8030 |
| 17 | Washington, DC | 22 Aug | 23 Aug | Pragnesh Shah | +1 703 989 1646 |
| 18 | Orlando, FL | 24 Sep | 25 Sep | Sejal Desai | +1 407 920 4180 |
| 19 | Singapore | 25 Sep | 26 Sep | Rutu Sanjay Mohnot | +65 9029 5212 |

*“ A journey across continents, connecting hearts through wisdom, dialogue and inner transformation. ”*